**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# પ્રાચીન જળસંચય સ્થાપત્યકીય વારસા તરીકે વઢવાણ શહેરની માધા વાવ

**ડૉ. દીપિકા અંબાલાલ ઠક્કર**

રિસર્ચ સ્કોલર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ડૉ. રશ્મિબેન ઓઝા**

માર્ગદર્શક, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

VIDHYAYANA

**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

**www.vidhyayanaejournal.org**

**Indexed in: ROAD & Google Scholar**

**સારાંશ**

વઢવાણ તરીકે ઓળખાતુ શહેર ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું એક નગરપાલિકા છે. વઢવાણમાં લોકપ્રિય પ્રાચીન ગંગાવાવ પગથિયું વિક્રમ સંવત ૧૯૬૯માં બાંધવામાં આવ્યું હોવાનું મનાય છે, અહી લાખાવાવ પણ છે. અહીં એવુ પણ માનવામાં આવે છે કે વઢવાણ શહેરમાં પ્રાચીનકાળમાં ૯૯ વાવો હતી. જેમાંથી પ્રસ્તુત સંશોધનપત્ર ખાસ કરીને માધાવાવ કે માધવવાવ પર તૈયાર કરવામાં આવેલું છે. વાવની દંતકથા ગુજરાતી ચલચિત્ર વણઝારી વાવ (૧૯૭૭)માં દર્શાવવામાં આવી છે. આ વાવ પર દેહુના દાન અર્થાત્ માધવવાવ નામનું નાટક પણ લખાયું છે. ઝવેરચંદ મેઘાણીના પુસ્તક રઢિયાળી રાતના રાસમાં માધાવાવ અંગેનું લોકગીત સમાવી લેવાયું છે.

**ચાવીરૂપ શબ્દો:** વઢવાણ, માધાવાવ, માધવવાવ, વણઝારી વાવ

## ૧. પ્રસ્તાવના

વઢવાણ તરીકે ઓળખાતુ શહેર ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું એક નગરપાલિકા છે. સુરેન્દ્રનગરથી લગભગ ૩ કિમી અને અમદાવાદથી લગભગ ૧૧૧ કિમી દૂર ભોગાવો નદીના કિનારે આવેલું, વઢવાણ તેના જૂના વિશ્વ શાહી આકર્ષણ અને તેની પોતાની જીવન અને સંસ્કૃતિની સાથે સાથે શાંત જગ્યા માટે જાણીતું છે. તે ઐતિહાસિક રીતે વઢવાણ રાજ્યની રાજધાની હતી.

જૈન ધર્મના ૨૪મા તીર્થંકર મહાવીર તરીકે પણ ઓળખાતા વર્ધમાન પછી 'વઢવાણ' નામ 'વર્ધમાનપુર' પરથી પડ્યું હોવાનું કહેવાય છે. એક દંતકથા અનુસાર, વઢવાણનું સ્થળ મૂળરૂપે 'અસ્તિગ્રામ' અથવા 'હાડકાંનું ગામ' તરીકે ઓળખાતું સ્થળ હતું, જે ભોગાવો નદીના કિનારે એક ગુફામાં રહેતા શુલપાણી નામના માનવભક્ષી યક્ષના શિકારને કારણે હતું. જો કે, મહાવીરે નગરની મુલાકાત લીધી અને શુલપાણીનું ધર્માંતરણ કર્યું અને રાહત પામેલા રહેવાસીઓએ તેમના માનમાં નગરનું નામ બદલીને વર્ધમાનપુર રાખ્યું. મહાવીરને સમર્પિત મંદિર અત્યારે પણ વઢવાણમાં હયાત છે, જે શુલપાનીનું ઘર હતું.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

વઢવાણમાં રાજાઓ, મહારાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ, વગેરેએ અહીં અદ્‌ભૂત સ્થાપત્યો નિર્માણ કરેલા જોવા મળે છે. જેમાં ઝાલા વંશમાં નિર્માણ પામેલા હવા મહેલ અંગ્રેજીમાં the wind palace પ્રખ્યાત છે. અહીંનું વડવાલા મંદિર લગભગ ૪૫૦ વર્ષ જૂનું છે. દેદાદરા ગામમાં ૧૧મી સદીના ગંગવા કુંડનું નિર્માણ ચાલુક્ય કાળ દરમિયાન થયું હોવાનું મનાય છે. લોકપ્રિય પ્રાચીન ગંગાવાવ પગથિયું વિક્રમ સંવત ૧૯૬૯માં બાંધવામાં આવ્યું હોવાનું મનાય છે, અહી લાખાવાવ પણ છે. અહીં એવુ પણ માનવામાં આવે છે કે વઢવાણ શહેરમાં પ્રાચીનકાળમાં ૯૯ વાવો હતી. જેમાંથી પ્રસ્તુત સંશોધનપત્ર ખાસ કરીને માધાવાવ કે માધવવાવ પર તૈયાર કરવામાં આવેલું છે.

## ૨. સ્થાપના

આ વાવમાંથી બે શિલાલેખ મળી આવેલ છે, સંસ્કૃત ભાષામાં લખેલ આ શિલાલેખ અનુસાર માધાવાવનું બાંધકામ વાઘેલા વંશના રાજા કરણદેવ દ્વિતીયના નાગર બ્રાહ્મણ મંત્રી દ્વારા ઈ.સ. ૧૨૯૪માં (વિક્રમ સંવત ૧૩૫૦) તેમના માતા-પિતાની સ્મૃતિમાં કરવામાં આવ્યું છે. તેમાં તેનું વર્ણન બે માળ ધરાવતી પથ્થરથી બનેલી વાવ તરીકે થયું છે.

## 3. સ્થાન

લીમડી તરફથી વઢવાણ શહેરમાં પ્રવેશ કરતાની સાથે જમણા હાથે વિક્રમ સંવત ૧૨૨૫ એટલે કે ઇ.સ.૧૧૬૯માં ગંગાબાઈ દ્વારા બનાવવામાં આવેલી ગંગાવાવ આવેલી છે. આ ગંગા વાવના સામે પ્રાચીન વઢવાણ શહેરમાં પ્રવેશ કરવા માટેનો 'સિયાળી પોળ' નામનો દરવાજો આવે છે. આ સિયાળી પોળના દરવાજામાં પ્રવેશ કરતા રસ્તે-રસ્તે જવાનું થાય છે. જે માધા વાવ ખાતે લઈ જાય છે.

## ૪. નામકરણ

૧૪મી સદીના ઈતિહાસકાર મેરુટુંગાના જણાવ્યા મુજબ, વાઘેલા પરિવારના સૌથી પહેલા જાણીતા સભ્ય 'ધવલ' એ ચૌલુક્ય રાજા કુમારપાળની માસી સાથે લગ્ન કર્યાં હતા. વાઘેલા દરબારના કવિ સોમેશ્વરે વાઘેલા પરિવારને ચૌલુક્ય પરિવારની શાખા તરીકે વર્ણવ્યો હતો. આ વાઘેલા વંશમાં ઈ.સ. ૧૨૭૫ થી

ઈ.સ.૧૨૯૬ સુધી સાળંગદેવ રાજા થઈ ગયા. તે સમયે વઢવાણમાં સાળંગદેવના મંત્રી તરીકે માધવ હતા. આ મંત્રી માધવે વઢવાણમાં તરસ્યાઓને પાણી મળી રહે તે માટે ઈ.સ.૧૨૯૪માં વાવ બંધાવડાવી હતી. એટલે સાળંગદેવના મંત્રી માધવના નામ પરથી આ વાવનું નામ ‘માધવવાવ’ પડ્યુ, તેથી તેને માધવ વાવ કે માધા વાવ બન્ને નામે ઓળખવવામાં આવે છે.

## ૩. દંતકથા

દંતકથા અનુસાર, આ વાવ તેના બાંધકામના બાર વર્ષ બાદ પણ સૂકી હતી. રાજ પુરોહિતે આ વાવમાં પાણી લાવવા માટે બત્રીસ લક્ષણા દંપત્તિના બલિદાનની જરૂર જણાવી. તે માટે નવજાત શિશુ હોવા છતાં જન કલ્યાણ અર્થે રાજકુમાર અભેસંગ અને તેની પત્નીએ તે બલિદાન માટે તૈયારી બતાવી. તેઓ લગ્નના વસ્ત્રો પહેરી વાવમાં ઉતર્યા. જેવા તેઓ સાતમે પગથિયે પહોંચ્યા કે વાવમાં પાણી ભરાયું અને તેઓ તેમાં ડૂબી મૃત્યુ પામ્યા. તેઓના બલિદાન થકી આ વાવમાં પાણી આવ્યું.

વાવની દંતકથા ગુજરાતી ચલચિત્ર વણઝારી વાવ (૧૯૭૭)માં દર્શાવવામાં આવી છે. આ વાવ પર દેહુના દાન અર્થાત્ માધવાવ નામનું નાટક પણ લખાયું છે. ઝવેરચંદ મેઘાણીના પુસ્તક રઢિયાળી રાતના રાસમાં માધાવાવ અંગેનું લોકગીત સમાવી લેવાયું છે.

બાર બાર વરસે નવાણ ગળાવ્યાં, નવાણે નીર નો આવ્યાં જી રે

તેડાવો જાણતલ તેડાવો જોશી, જોશીડા જોશ જોવડાવો જી રે

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો, ‘દીકરો ને વહુ પધરાવો જી રે’

‘થોડા ખીલવતા વીર અભેસંગ! દાદાજી બોલાવે જી રે’

‘શું રે કો’ છો મારા સમરથ દાદા, શા કાજે બોલાવ્યા જી રે

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો, દીકરો ને વહુ પધરાવો જી રે

‘એમાં તે શું મારા સમરથ દાદા, પારકી જણીને પૂછી આવો જી રે’

‘બેટડો ધરાવતા વહુ રે વાઘેલી વહુ, સાસુજી બોલાવે જી રે ’

‘શું રે કો’ છો મારા સમરથ સાસુ, શા કાજે બોલાવ્યા જી રે?’

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો, ‘દીકરો ને વહુ પધરાવો જી રે’

‘એમાં તે શું મારા સમરથ સાસુ, જે કે’શો તે કરશું જી રે’

‘ભાઈ રે જોશીડાં, વીર રે જોશીડા, સંદેશો લઈ જાજો જી રે’

‘મારી માતાને એટલું જ કહેજો, મોડિયો ને ચુંદડી લાવે જી રે’

‘ઊઠો ને મારા સમરથ જેઠાણી, ઊનાં પાની મેલો જી રે’

‘ઊઠો ને મારા સમરથ દેરાણી. માથા અમારાં ગૂંથો જી રે’

‘ઊઠો રે મારા સમરથ દેરીડો, વેલડિયું શણગારો જી રે’

ઊઠો રે મારા સમરથ નણદી, છેડાછેડી બાંધો જી રે’

ઊઠો રે મારા સમરથ સસરા, જાંગીડા ઢોલ વગડાવો જી રે

‘આવો, આવો મારા માનસંગ દીકરા, છેલ્લા ધાવણ ધાવો જી રે’

પુતર જઈ પારણે પોઢાડયો, નેણલે આંસુડાની ધારું જી રે

પહેલે પગથિયે જઈ પગ દીધો, પાતાળે પાણી ઝબક્યા જી રે,

બીજે પગથિયે જઈ પગ દીધો, કાંડે તે બૂડ પાણી આવ્યા જી રે

ત્રીજે પગથિયે જઈ પગ દીધો, કેડ સમાં નીર આવ્યાં જી રે

ચોથે પગથિયે જઈ પગ દીધો, છાતી સમાં નીર આવ્યાં જી રે

પાંચમે પગથિયે જઈ પગ દીધે, પરવશ પડિયા પ્રાણિયા જી રે

'એક હોકાંરો ધોને અભેસંગ, ગોઝારા પાણી કોણ પીશે જી રે'

'પીશે તે ચારણ, પીશે તે ભાટો, પીશે અભેસંગ દાદોજી રે'

'એક હોકારો ધો ને વાઘેલી વહુ, ગોઝારો પાણી કોણ પીશે જી રે?'

'પીશે તે વાણિયા, પીશે તે બ્રાહ્મણ, પીશે તે વાળુભાના લોકો જી રે'

તરી છે ચૂંદડી ને તર્યો છે મોડિયો, તરિયા અભેસંગના ખોળિયા જી રે.

ગાતાં ને વાતાં ઘરમાં આવ્યાં, ઓરડા અણોસરા લાગે જી રે

વા'લા હતાં તેને ખોળે બોસાડ્યાં, દવલાં ને પાતાળ પૂર્યાં જી રે.

આ દંતકથા આધારિત લલિત ત્રિવેદીએ એક કાવ્ય લખ્યું છે જે તેમના અંદર બહાર એકાકાર કાવ્યસંગ્રહમાં સમાવેલ છે.

ઘાટ ઘાટ મન ને મલીરુ, મારા વાલમા

ઠામ ઠરી બેઠા નહિ થીર, મારા વાલમા

ઝાલર વગડે છે મંદિર, મારા વાલમા

ખખડે છે ઓરે જંજીર, મારા વાલમા

કિયે પગથિયે મેલવી ઉતાવળ

કિયે તે ખુંટાડુ આ ઘીર, મારા વાલમા

પગલું મેલું ને કાંઇ મેલી દઉં પંડ રે

મેલ્યાં મેલાય નહીં ક્ષીર, મારા વાલમા

છેલ્લે પગથિયે ચિર અને ચામડી

તળિયામાં હાથ ને લકીર, મારા વાલમા

જોજન… જોજન… સૂના સૂસવે છે ઓરતા

ક્યાં રે દેખાય સાચાં નીર, મારા વાલમા

ઓરડામાં લંબઝૂબ ઝૂલે બાવળિયા

લેખણમાં મીર તકી મીર, મારા વાલમા

બાર બાર વરસે માધાવાવ ગળાવિયા

પ્રગટી નહિ પાણામાં પીર, મારા વાલમા

સ્થાનિક લોકોમાં એવી પણ લોકવાયકા છે અહીં ભૂતનો વાસ છે અને દર ત્રણ વર્ષે અહીં એક વ્યક્તિનો ડુબાડી ભોગ લે છે.

## ૫. સ્થાપત્ય

માધાવાવનો પ્રવેશ પશ્ચિમ દિશામાં છે, જ્યારે વાવનો કુવો પૂર્વ દિશામાં છે એટલે એમ કહી શકાય કે આ વાવ પૂર્વ-પશ્ચિમ દિશામાં બાંધવામાં આવી છે. તે ૫૫ મીટર લાંબી છે અને પગથિયા ૪૯.૮૦ મીટર લંબાઈમાં સમાયેલા છે. વાવમાં લાંબા સાંકડા પગથિયા દ્વારા દાખલ થવાય છે. વાવને છ કૂટ (ઉપરથી બંધ અને ઉપર ખુલ્લા એમ પડતા વિભાગો) અને પગથિયાના છ જૂથ છે. દરેક કૂટ બાદ વાવની પહોળાઈ ઘટે છે. પગથિયાએ પહોળાઈ છ મીટર છે જે ઉપર છત્રી તરફ જતા ઘટીને ૩.૬ મીટર થાય છે. દરેક કૂટ પર ઘુમ્મટ છે જે ચાર સ્તંભો પર ઊભી છે. ઘુમ્મટના નીચેનાની બેસાય એવા પરસાળની લંબાઈ ૨.૭ મીટર છે. બે કૂટ વચ્ચે

૪.૮ મીટરની ઊંચાઇ હોવાને કારણે જાડી દિવાલો આવશ્યક છે. દરેક છત્રી એક ઉપર એક એવા નવ સ્તરો વડે બનેલી છે અને તેમની ઉપર મંદિરના શિખરોની માફક આમલક અને કળશ છે.



કૂવાનો વ્યાસ ૫.૩ મીટર છે. છેલ્લા માળે બેવડા વળેલા છ માળખાં છે, જે ઉપરના દબાણ સામે રક્ષણ આપે છે. જેમાંના ચાર પાછલી દીવાલમાં જડેલા છે અને પથ્થરની બારશાખ વડે અચ્છાદિત છે.



Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## ૬. શિલ્પો

પહેલ કૂટ ની બન્ને બાજુએ કોતરણી કરેલી પથ્થરની જાળી છે જે દીવાલનું પણ કાર્ય કરે છે. તે જાળી ચાર ટ ચાર એમ ૧૬ નાની જાળીઓ ધરાવે છે. તેની રચના દેલવાડાના વિમલ વસહી જૈન મંદિર અને અમદાવાદના સારંગપુરની રાણી મસ્જીદને મળતી આવે છે. વાવના મુખ્ય દરવાજાની દ્વારશાખની ઉભી કમાનમાં બેઠેલા દેવોની અને આડી કમાન પર રોજીંદા જીવનની ક્રિયાઓની આકૃતિઓ કોતરેલી છે.



દરેક કુટમાં ગોખલાઓ છે જેમાં મૂર્તિઓ છે. તેમાં ભૈરવ, સપ્તમૈત્રિકા, નવગ્રહ, દશાવતાર અને અન્ય દેવ દેવીઓની મૂર્તિઓ છે જેમને તેમની જર્જરિત સ્થિતિને કારણે ઓળખવી મુશ્કેલ છે. એક ગોખલામાં એક યુગલની મૂર્તિ છે તે માધવ તથા તેની પત્નીની છે. તેની નીચે ટૂંકો લેખ છે. અહીં અમુક મૈથુન મૂર્તિઓ પણ છે.



Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**૭. ઉપસંહાર**

૧૯૭૭માં પ્રકાશિત ગુજરાતી ચલચિત્ર વણઝારી વાવમાં દર્શાવવામાં આવેલ દંતકથા સાથે જોડાયેલ માધાવાવ, માધવવાવ તરીકે પણ ઓળખવામાં આવે છે, જે સુરેન્દ્રનગરના વઢવાણમાં આવેલી છે. જેનું નિર્માણ ઈ.સ.૧૨૯૪માં સાળંગદેવના મંત્રી માધવ દ્વારા કરવામાં આવ્યું હતું. એક પ્રવેશદ્વાર વાળી નંદા પ્રકારની આ વાવમાં ઈલિકા ભાત શૈલી જોવા મળે છે. જે સ્થાપત્ય અને શિલ્પની દ્રષ્ટ્રિએ અદ્ભૂત છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સંદર્ભ સૂચિ


- જામોદ, ગગજીભાઈ (૨૦૧૮), સુરેન્દ્રનગર જીલ્લાની ઐતિહાસિક વાવ, Research Guru-11 (4): 1013-1016
- દવે, મલય (૨૦૧૮), લાખુવાવ, ગુજરાત ટાઈમ્સ
- પરમાર, કુમારપાળ અને ભાવિકા કડીકર, (૨૦૨૨), જેગડીયાની વાવ અને મેલડી માતાની વાવ, સુરેન્દ્રનગર જિલ્લાની વાવ, https://www.youtube.com/ watch?v=G5DRqsyULWY
- પરમાર, કુમારપાળ અને રાકેશ પરમાર, (૨૦૨૨), સુરેન્દ્રનગર જિલ્લાની વાવ: ગંગા વાવ, https://www.youtube.com/watch?v=14z YrnnUs08
- પરમાર, કુમારપાળ અને રાકેશ પરમાર, (૨૦૨૨), "વણઝારી વાવ"ની કથા, સુરેન્દ્રનગર જિલ્લાની વાવ: માધા વાવ, https://www.youtube.com/ watch?v=9k9CNYdUho8&t=6s
- વઢવાણ મિત્ર મંડળ પત્રિકા (૨૦૨૦), વિષયાંક (નવેમ્બર-૨૦૨૦): ૨૬
- વાળા, વર્ષા કે. (૨૦૧૫), "સુરેન્દ્રનગર જીલ્લો: એક ઐતિહાસિક અધ્યયન, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ
- Jutta, Jain-Neubauer (1981), The Stepwells of Gujarat: In Art-historical Perspective, Abhinav Publications
- Mehta, Jhaverilal (22 August 2012). "Madhavav: Photo-story". Gujarat Samachar (in Gujarati). Retrieved 03-01-2012.
- Purnima Mehta Bhatt (16 December 2014). Her Space, Her Story: Exploring the Stepwells of Gujarat. Zubaan.